Zip-line



Skipping Rope Race

આ વર્ષે પેરેન્ટ્સ-સ્પોર્ટ્સ-ડે વખતે પેરેન્ટ્સને પણ ફન ગેમ્સ અને એડવેન્ચર ગેમ્સનો વિભાગ ઉપલબ્ધ કરાવાયો હતો. વાલીઓએ આ વિભાગમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.







Carry Your Partner







Bull Ride









## Parents Who Bagged 'Super Parent' Medal on Parents Sports Day-2018




Iski Topi Uske Sar




Skipping Rope Race



Pot Balancing



Carry Your Partner




Ball Between Legs



Bell Ringing




Tyre Race



Hoop Race



Ball Between Partners

# PwP Initiatives - Activity Fiesta Exhibition એક્ટિવિટીનું પ્રત્યક્ષીકરણ

## એક્ટિવિટી ફિએસ્ટાને પ્રત્યક્ષીકૃત કરવા માટે પેરેન્ટ્સ સહભાગી બને છે.

- એક્ટિવિટી ફિએસ્ટા એ ઈવેન્ટ છે, જે વિદ્યાર્થીઓ માટે અનુભવોનો ધોધ લઈને આવે છે.
- સ્કૂલ વિદ્યાર્થીઓએ મેળવેલા અનુભવોને પોતાના સહયોગી પેરેન્ટ્સ માટે દૃષ્ટિગમ્ય બનાવવા પ્રતિવર્ષ પ્રદર્શનનું આયોજન કરે છે.
- આ પ્રદર્શન એક્ટિવિટી-ફિએસ્ટાનો પ્રભાવ પેરેન્ટ્સ સુધી પહોંચાડવા સ્કૂલને મદદ કરે છે, સાથોસાથ વિદ્યાર્થીઓને પોતાની અભિવ્યક્તિની ગુણવત્તાની સ્પર્ધા માટે અવસર પૂરો પાડે છે અને વિદ્યાર્થીઓ માટે જ્ઞાન અને પ્રેરણાનો સ્રોત નિપજાવે છે.

## Partnering Parents to visualize Activity Fiesta.

- Activity Fiesta is that event which brings cascade of experiences to the students.
- To partner Parents to visualize the experiences gained by the students, every year, the School organizes exhibition.
- The exhibition helps School to convey the impact of Activity fiesta as well as provide students with a ground to outshine their calibre by presentation and to create a source of knowledge and inspiration to all the students.












## Various Sessions ranging from parenting to cooking to orientations.


- The School invites guest lecturers to School to support and enrich Parents.
- The topics of the lecture generally touch upon the basics of parenting.

- સ્કૂલ પેરેન્ટ્સને જ્ઞાન-કૌશલ્ય સમૃદ્ધ કરવા માટે મહેમાન-વ્યાખ્યાતાઓને નિમંત્રે છે.
- વ્યાખ્યાનના વિષયો પ્રાય: પેરેન્ટિંગ ( બાળઉછેર ) ના મૂલાધારને સ્પર્શતા હોય છે.

**Following are the visuals:** ( **તાદૃશ તસવીરો નીચે છે.** )



Cooking Session for Mothers


Parenting for Peace




Mothers at cooking session

### Parents Orientation Programme:

- At the beginning of the new academic year, this programme gets held for the parents who are new to School of Achiever.
- This programme orients new parents with the basic functioning, policies, practices and idea of the School especially the points that are required for a good start after the admission.
- Majorly, it helps to introduce new parents with the concept of PwP.
- નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં સ્કૂલ ઑફ અચિવરમાં નવા પેરેન્ટ્સ માટે આ કાર્યક્રમ યોજાય છે.
- આ કાર્યક્રમ નવા પેરેન્ટ્સને સ્કૂલની બુનિયાદી કાર્યપ્રણાલી, નીતિઓ, વ્યવહારો અને સ્કૂલનો વિચાર, વિશેષત: પ્રવેશ પછીની શુભ શરૂઆત માટે જરૂરી બાબતોથી અવગત કરાવે છે.
- ખાસ કરીને, તે નવા પેરેન્ટ્સને **PwP** ના કન્સેપ્ટનો પરિચય કરાવે છે.

## Imagine Parents performing on stage, on Annual Day.

- સ્કૂલ પેરેન્ટ્સને વાર્ષિકોત્સવ પ્રસંગે તેઓનું પર્ફોર્મન્સ રજૂ કરવાનો અવસર પ્રદાન કરે છે.
- સતત બે વર્ષ, ૨૦૧૬ અને ૨૦૧૭ માં અચિવર-મમ્મીઓએ તેઓના અદ્‌ભૂત પર્ફોર્મન્સ વડે સમારંભની વાહવાહી ઝીલી હતી.
- આ બાબતનો એકમાત્ર હેતુ તેમના નિજી મહત્ત્વને ઉદ્‌ભાસિત કરવું, આત્મવિશ્વાસમાં વધારો કરવો અને ભાગીદારીની અગત્યને પ્રકાશિત કરવાનો હતો.

- The School provides Parents with the platform to showcase a performance on the Annual Day.
- For two consecutive years 2016 & 2017, Achiever Mommies rocked the Day with their fantastic performances.
- The sole purpose of this feature is to focus on self-importance, boast confidence and highlight the importance of participation.



Super Moms - Super Performance







## સ્નેહસંબંધોનું ગુંફન: વ્યષ્ટિ અને સમષ્ટિના તાણા-વાણાથી, સૂર અને સંગીતના સમ્મિલનથી !



- સંબંધોનો કોશ જ આપણી મૂડી છે, સ્કૂલે ૨૦૧૬ માં આ બાબતને સંકલ્પનાબદ્ધ કરી હતી.
- વાર્ષિકોત્સવના બે દિવસની મધ્યમાં તા. ૦૫/૦૩/૨૦૧૬ ના રોજ સ્કૂલે સર્વ વિદ્યાર્થીઓ, પેરેન્ટ્સ અને સ્ટાફને તેઓનાં પ્રિયજનો સહિત કાર્યક્રમ માણવા આમંત્રણ આપ્યું.
- રંગતગૃપના શ્રી નરેશ શાહ અને સમર્પયામિ એન્ટરટેઈનમેન્ટના શ્રી સંજય ઓઝા દ્વારા પરિકલ્પિત કાર્યક્રમનું સુત્રધારત્વ પ્રસિદ્ધ કવિ શ્રી તુષાર શુકલએ નિભાવ્યું હતું.
- ડૉ.પાર્થ ઓઝા, શ્રી સંજય ઓઝા, સુશ્રી દર્શના ગાંધી અને સુશ્રી પાયલ વેકરિયાની કર્ણપ્રિય સુરાવલિમાં ગુજરાતી-હિન્દી ગીતોનું સુંદર સંયોજન રજૂ થયું હતું.
- કાર્યક્રમમાં સર્વ માનવસંબંધોથી શરૂ કરી ઈશ્વર, પર્યાવરણ અને બ્રહ્માંડ; વ્યષ્ટિથી સમષ્ટિ સુધીના સંબંધોને આવરી લેવાયા હતા.
- તે સંબંધોની મધુરતાને માણવાનો ઉત્તમ અંદાજ હતો, એમ કહેવું અત્યુક્તિ નથી.







# Parents' Guide Session - The **Master Move**

**આ સેશન PwP કન્સેપ્ટના વાસ્તવિક અમલીકરણને સક્ષમ બનાવવા ખાસ પેરેન્ટ્સ માટે આકારિત થયો હતો.**

**સ્કૂલની કાર્યપ્રણાલી અને પેરેન્ટિંગ (બાળઉછેર) પરના વિચારો સાર્વજનિક કરવાનો એક પ્રયાસ.**


- સેશન-પૂર્વે સ્કૂલ દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો અને સેશનમાં સમાવિષ્ટ વિષયોને લીધે સેશન માસ્ટર મૂવ બની રહ્યો હતો.
- સમગ્ર સેશન સ્કૂલ મેનેજમેન્ટે જ સંબોધ્યો હતો.
- સેશન અચિવર-ટીમ દ્વારા પ્રવર્તમાન સ્કૂલ-સંસાધનોથી જ સંચાલિત કરવામાં આવ્યો હતો.
- ચર્ચાના સર્વ મુદ્દાઓના સમર્થનમાં સ્કૂલે 'પેરેન્ટ્સ ગાઇડ' નામની એક પુસ્તિકા તૈયાર કરી પેરેન્ટ્સને ઉપલબ્ધ કરાવી હતી.
- કે.જી. થી માંડી ધોરણ-૧૦ સુધીના પેરેન્ટ્સના જુદા જુદા વય-જૂથો માટે ચાર સ્લોટમાં બે દિવસ માટે કાર્યક્રમ આયોજિત થયો હતો.
- **સેશનનો હેતુ પેરેન્ટ્સને કેટલીક મહત્ત્વની બાબતોથી વાકેફ કરવાનો હતો :**

- કેટલીક બુનિયાદી કાર્ય-ગતિવિધિઓ અને સ્કૂલની Online Solution System
- સ્કૂલની કાર્યપ્રણાલી કેવી રીતે ચાલે છે
- School App & Portal નું પ્રથમાવતરણ.
- સ્કૂલ દ્વારા ઘડવામાં આવેલી નિતિઓનો પાર્શ્વભૂ
- શિક્ષણ અને ચિંતનીય સાદી બાબતો
- PwP પેરેન્ટિંગ (બાળઉછેર)

**1 Concept**


- 1 Agenda
- 2 Days
- 3 Hours' Meeting
- 4 Sessions
- Infinite benefits












આ સેશનમાં જે મુદ્દાઓની ચર્ચા કરવાની હતી તેની વિગતવાર માહિતી આપતી પુસ્તિકા દરેક પેરેન્ટ્સને આપવામાં આવી.




**સ્કૂલ સાથે પેરેન્ટ્સની પૂર્ણ ભાગીદારી - એક ઝલક**

**This session was exclusively designed for parents to strengthen the implementation of PwP concept on ground.**

## An effort to share School's working system and thoughts on Parenting

- The efforts made by School before conducting this session and the topics covered in the session made it 'THE MASTER MOVE.'
- The session was entirely addressed by the School Management and team.
- The Achiever Team organized the session at the School precinct with the existing resources.
- To enable reference to all the points of discussion, the School specially crafted and provided Achiever Parents with the book named 'Parents' Guide'.
- The session was held for parents for 2 days, in four different slots & age-groups ranging from KG to class 10.
- **The purpose of the session was to share and bring awareness to the parents regarding**

















## સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટ્રી શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ દ્વારા સંબોધિત Parents' Guide Session ના મહત્ત્વના અંશો




**PwP કન્સેપ્ટના દરેક ફિચર પર વિગતવાર વિશ્લેષણ કરતા શ્રી પ્રજ્ઞેશ સરની લાક્ષણિક તસવીર**

સંબોધનની શરૂઆત સેશનની પૂર્વભૂમિકાથી થઈ.
**પૂર્વભૂમિકાના કેટલાક અંશો :**

- પેરેન્ટ્સ અને સ્કૂલ વચ્ચે જોડાણ મજબૂત બને તે માટે ક્રમશ: આ ત્રીજો પ્રયાસ છે. બાળકના વિકાસ માટે જરૂરી છે કે બન્ને પર્યાવરણ, સ્કૂલ અને ઘરમાં સુમેળ સધાય. સ્કૂલ અને પેરેન્ટ્સ બન્ને એકબીજાને ખૂબ નજીકથી ઓળખે અને સમજે તો બાળકના પર્યાવરણમાં સુરૈક્ય ભળે. સમજના વિસ્તૃતીકરણથી જ બાળકનો વિકાસ તીર ગતિથી આગળ વધે છે. આ સુરૈક્ય માટે આ સેશન ખૂબ મહત્ત્વનો છે.
- આ સેશનમાં જેની ચર્ચા કરવાની છે તે બધી જ બાબતોનો અત્યાર સુધી અમે સ્કૂલમાં અમલ કરવાનો પ્રયાસ કર્યો. હવે પેરેન્ટ્સના મન સુધી પહોંચવાનો આ સેશન દ્વારા પ્રયાસ છે.
- સ્કૂલ અને વિદ્યાર્થીઓ અંગેના આ સેશનમાં પેરેન્ટિંગ વિશે ચર્ચા શરૂ થાય એ સ્વાભાવિક છે.
- શિક્ષણને પરિભાષિત કરતી કેટલીક બાબતોની રજુઆત પણ કરવામાં આવી.
- શિક્ષણ વડે સમાજનાં ક્રાંતિ લાવી શકાય. સ્કૂલ એનું યુનિટ (માધ્યમ) છે.
- પારંપરિક અને બીબાઢાળ વિભાવનામાંથી બહાર આવી શિક્ષણ વિશેનાં વિસ્તૃત ખ્યાલ વિશે વિચારવાની જરૂર છે.



**શિક્ષણ અને કેળવળી વચ્ચેનો તાત્વિક ભેદ સમજાવવામાં આવ્યો.**

- સાક્ષરી શિક્ષણ, ડિગ્રી, પ્રમાણપત્રો, નોકરી માટે ટકાવારીની હોડ, ઊંચા પદ માટે હરિફાઈ, વેતન માટે દોડ; આ જ કેળવણી નથી.
- કૌશલ્યનો વિકાસ અને સદ્ગુણોનું સિંચન કેળવણી છે.

**સમાજમાં નોંધપાત્ર પ્રદાન કરનાર મહાન વ્યક્તિઓનાં ઉદાહરણ આપી બીબાઢાળ શિક્ષણપ્રણાલીમાંથી બહાર આવવા આહ્‌વાન કરાયું :**

સચિન તેંડુલકર, એન.આર.નારાયણમૂર્તિ, મહાત્માગાંધી, સ્વામી વિવેકાનંદ, ધીરૂભાઈ અંબાણી, રજનીકાંત, જય વસાવડા, શેક્સપિયર, કલ્પના ચાવલા, અમિતાભ બચ્ચન, પ્રમુખ સ્વામી, ડૉ.એ.પી.જે. અબ્દુલકલામ, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, થોમસ આલ્વા એડિસન, આર્યભટ્ટ, મીરાબાઈ, નરસિંહ મહેતા વગેરે...

આ ઉદાહરણો દ્વારા શિક્ષણની મર્યાદિત સંકલ્પનાથી બહાર આવી વિસ્તૃત ખ્યાલ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ થયો.

- શિક્ષણનો વાસ્તવિક હેતુ હોવો જોઈએ, વ્યક્તિનું ચારિત્ર્ય-ઘડતર, નિખાલસતા, સ્થિતિસ્થાપકતા અને સતત અધ્યયનને ઉત્તેજન..

- **સ્કૂલ વિશેની માત્ર પ્રાથમિક માહિતી જ નહીં, સ્કૂલની વિચારધારા અને વ્યવહારો તથા તેના અસ્તિત્વની તાર્કિક સ્પષ્ટતા પણ આપ સુધી પહોંચે એ અમારો હેતુ છે.**

**સેશનમાં કેટલાક ચિંતન યોગ્ય મુદ્દા વિશે પણ ચર્ચા થઈ હતી.**

- બાળકની શિક્ષણવિધિ પર ધ્યાન દોરતાં જણાવાયું કે આપણે શીખવીએ છીએ તે ભ્રમ છે. બાળક અવલોકન દ્વારા અને અનુકરણ દ્વારા શીખે છે. આ માટે સુંદર ઉદાહરણ અપાયું.

**"દુનિયામાં ક્યાંય જૂઠું બોલવાના કલાસ ચાલે છે ?**

ના. છતાં પણ, વ્યક્તિ જરૂર મુજબ જૂઠું બોલી લે છે. કદાચ એ અવલોકનથી જ શીખતા હશે આ ઉદાહરણ દ્વારા શિક્ષક અને પેરેન્ટ્સ સામે લાલ બત્તી ધરવામાં આવી કે પ્રત્યેક વર્તન બાળકને શીખવતું હોય છે, તેથી તેઓએ સચેત થઈ બાળકની સામે વર્તન કરવું જોઈએ."

- સાંપ્રત સમય સ્પર્ધાત્મક છે અને તેથી અજાણતાં જ વ્યક્તિ વ્યાવસાયિક બાબતને મહત્ત્વ આપે છે. વ્યવસાય પરથી ઘેર વ્યવસાયી જ જાય છે, જ્યારે ઘરે બાળક વ્યવસાયીની નહીં, પિતા કે માતાની પ્રતીક્ષામાં હોય છે. આ બાબત પર વજન આપી પેરેન્ટ્સને સાચા અર્થમાં માતા-પિતાની ભૂમિકા જણાવવામાં આવી.
- બાળકના પ્રાકૃતિક અસ્તિત્વને ભૂલી આપણે તેના હિત (આપણા મંતવ્ય મુજબ) ને ધ્યાનમાં લઈ કેટલાક નિર્ણયો લેતા હોઈએ છીએ, પણ એ બાબતને ધ્યાનમાં લેતા નથી કે તેની પ્રકૃતિ અને તેની રુચિ સાથે તે કેટલું મેળ ખાય છે. બાળકને કેન્દ્રમાં રાખી નિર્ણય કરવામાં આવે તો જ સાચા અર્થમાં તેનું હિત સાધી શકાય.

- **સમયની સાથે આપણે કદમ મિલાવીએ છીએ. આપણી આસપાસનું સમગ્ર પર્યાવરણ ભૌતિક સંસાધનો (મોબાઈલ, ગાડી, મકાન...)ના સંદર્ભમાં સમય સાથે અનુકૂલિત કરીએ છીએ અને એ સ્વાભાવિક પણ છે, પરંતુ આમ હોવા છતાં, આપણે આપણી વિચાર પ્રક્રિયાનું નવીનીકરણ નથી કરતા. ખરેખર તો સૌથી પહેલાં વૈચારિક અભિગમોનું અદ્યતનીકરણ મહત્ત્વ માંગી લે છે.**

- ઘણીવાર એવું જોવામાં આવે છે કે હેતુ માટે નિશ્ચિત થયેલી પ્રક્રિયા દ્વારા હેતુસિદ્ધિ થઈ શકતી નથી. ખરેખર તો બાળઉછેરમાં પ્રક્રિયાને ડિઝાઈન કરવી ખૂબ અગત્યની બાબત છે. બાળકના મનોવિજ્ઞાનને ધ્યાનમાં લઈ, નિશ્ચિત હેતુની સિદ્ધિ થાય તેવી પ્રક્રિયા ડિઝાઈન કરવી જોઈએ, જેથી પરિણામ વિપરીત ન મળે.
- આ સેશનમાં સ્કૂલ દ્વારા નિર્મિત **Online Solutions** વિશે વિગતવાર સમજાવતાં, **School App** દ્વારા મોબાઈલ પર મળતી, બાળકની દૈનિક માહિતીનો તેના વિકાસ માટે વિવેકપૂર્ણ ઉપયોગ કરવા તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું.
- આ સેશનનો કેન્દ્રસ્થ વિષય 'પેરેન્ટિંગ' હતો, તેથી 'પેરેન્ટિંગ (બાળઉછેર)' પર વિશદ ચર્ચા કરવામાં આવી.
- સેશનમાં બાળઉછેરને લગતાં કેટલાક મુદ્દાઓની ચર્ચા વીડિયો નિરૂપણ દ્વારા કરવામાં આવી હતી.
- બાળકને કેન્દ્રમાં રાખી પેરેન્ટ્સનાં વર્તનો અંગેની મહત્ત્વની બાબતો પણ ચર્ચવામાં આવી અને આગળના ત્રણ પેજમાં ગ્રાફીક્સ દ્વારા વધુ અસરકારક રીતે તે રજૂ કરેલ છે.

## સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટ્રી શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ દ્વારા સંબોધિત Parents’ Guide Session ના મહત્ત્વના અંશો Contd.

‘**Parents Guide Session**’ નો મુખ્ય વિષય પેરેન્ટિંગ હતો. જેમાં પેરેન્ટીંગની આવશ્યકતા તરફ પેરેન્ટ્સનું ધ્યાન દોરવામાં આવ્યું, કારણ કે ‘બાળકને પ્રેમ કરવો તે સ્વાભાવિક છે પણ પેરેન્ટિંગ એક કલા છે.’... અને કલાનું સ્વરૂપ વિકસાવવાની જરૂરત હોય છે. અન્ય કલાની જેમ જ બાળઉછેરની કલા પણ યોગ્ય જ્ઞાન, તાલીમ અને મહાવરા દ્વારા વિકસાવી શકાય છે.

આ બાબતને સ્પષ્ટતઃ સમજાવવા **Normal Parents** અને **Wise Parents** વચ્ચેનો તફાવત નીચે ગ્રાફિક્સ દ્વારા નિરૂપાયો છે.

**Parents Guide Session**માં આ ગ્રાફિક્સનો ઉપયોગ કરી જુદા-જુદા ઉદાહરણો અને વિવિધ તર્ક દ્વારા **Normal Parents** થી **Wise Parents** તરફની ગતિને મહત્ત્વ આપવામાં આવ્યું હતું.

| Wise Parents | Normal Parents |
|---|---|
| They discover the uniqueness of the children<br>તેઓ બાળકમાંની વિશિષ્ટતા શોધી કાઢે છે. | They unknowingly compare their children with other kids<br>તે અજાણતાંજ પોતાના બાળકની સરખામણી અન્ય બાળક સાથે કરે છે. |
| They guide their children to learn from their mistakes<br>તેઓ પોતાના બાળકને તેની ભૂલોમાંથી શીખવા માર્ગદર્શન આપે છે. | They punish their children for making mistakes<br>તેઓ પોતાના બાળકને ભૂલ કરવા બદલ સજા કરે છે |
| They keep learning and fine-tuning their parenting skills<br>તેઓ બાળઉછેરનાં કૌશલ્યો શીખે છે અને તાલમેલ સાધે છે | They think they're capable enough to teach their children due to their life experience<br>તેઓ સમજે છે કે તેઓ જીવનના અનુભવોને લીધે પોતાના બાળકને ભણાવવા માટે પૂર્ણતઃ સક્ષમ છે. |
| They provide space for their children to explore the world<br>તેઓ પોતાના બાળકને જગતને નિહાળવા અવકાશ આપે છે. | They can’t wait to offer help when their children encounter difficulties<br>જ્યારે બાળક મુશ્કેલીઓનો સામનો કરતું હોય છે ત્યારે તેઓ મદદ પહોંચાડવા જેટલી રાહ જોઈ શકતા નથી |

| Wise Parents | Normal Parents |
|---|---|
| They help their children realize their dreams and achieve them<br>તેઓ પોતાના બાળકને તેના સ્વપ્નને સમજવામાં અને સિદ્ધ કરવામાં મદદ કરે છે. | They enforce their views and expectations on their children<br>તેઓ પોતાના બાળક પર પોતાના વિચારો અને અપેક્ષાઓ થોપે છે. |
| They set good examples for their children<br>તેઓ પોતાના બાળક માટે સારાં ઉદાહરણો પ્રસ્થાપિત કરે છે. | They only set rules for their children to follow<br>તેઓ પોતાના બાળકને પાળવા માટે નિયમો પ્રસ્થાપિત કરે છે. |
| They and their children share equal status in the family<br>તેઓ અને તેઓનું બાળક પરિવારમાં સમાન દરજ્જો ભોગવે છે. | They think their children should listen to their every order<br>તેઓ સમજે છે કે તેઓના બાળકે તેઓનો દરેક આદેશ માનવો જોઈએ |
| They spend time to listen to their children and understand them<br>તેઓ પોતાના બાળકની વાત સાંભળે છે અને તેને સમજે છે | They think the school will take care of their children in every aspect<br>તેઓ સમજે છે કે સ્કૂલ જ તેઓના બાળકની દરેક બાબતમાં કાળજી લે. |

## સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ દ્વારા સંબોધિત Parents' Guide Session ના મહત્ત્વના અંશો Contd.

આ સેશનમાં પેરેન્ટ્સ માટે બાળ ઉછેરને લગતા અમલમાં મૂકવા યોગ્ય સુઝાવ પણ ચર્ચવામાં આવ્યા હતા, જે અહીં દર્શાવેલ છે.

**કીમતી સમય બાળક સાથે ગાળો.**

- સપ્તાહમાં બે વાર ઓછામાં ઓછો પ્રાયઃ તેની સાથે વાતો કરો.
- આપના બાળકને ધ્યાનથી સાંભળો.
- એકાદ રમત બાળક સાથે રમો.
- બાળકની આસપાસ ચાલતી બાબતો વિશે ચર્ચા કરો.
- આપના જીવનના અનુભવો, વાતો, ઘટનાઓ વગેરે તેની સાથે શેયર કરો.

**તે પણ પરિવારમાં મહત્ત્વનો સભ્ય છે એવી તેને પ્રતીતિ કરાવો.**

- બાળકનો અભિપ્રાય માગો.
- આપના બાળકનું આત્મસન્માન જાળવો.
- પારિવારિક નિર્ણયપ્રક્રિયામાં બાળકને સામેલ કરો.
- આપના બાળકનું અપમાન ન કરો, ખાસ કરીને અન્ય કોઈની સામે.

**બાળકના આત્મવિશ્વાસ માં વધારો કરો.**

- હકારાત્મક લાગણી દર્શાવો અને બાળક દ્વારા કરવામાં આવેલા નાનામાં નાના કાર્યની પણ કદર કરો.
- બાળકની કલાકારીગરી, સિદ્ધિઓ (જેમ કે ટ્રોફી, ઈનામો, મેડલ-ચંદ્રકો, પ્રમાણપત્રો)ને પ્રદર્શિત કરો.
- બાળકને તેના રસ અને રુચિ માટે પ્રોત્સાહિત કરો.

**પોતાના વર્તનને અનુકરણીય બનાવો.**

- બાળકની સામે ગુસ્સે ન થાઓ.
- બાળકની સામે યોગ્ય શબ્દોનો જ ઉપયોગ કરો.
- તેની ઉપર હાથ ઉપાડશો નહીં.
- બાળકને ધમકાવશો નહીં, ખાસ કરીને જાહેરમાં.
- આપના બાળકને એવા સ્થળે કે પ્રસંગોમાં ન લઈ જશો, જે તેના માટે યોગ્ય ન હોય; જેમ કે ફિલ્મ, જે તેની બાળવય માટે યોગ્ય ન હોય.

**પ્રત્યેક બાળકને અજોડ વ્યક્તિત્વ તરીકે સ્વીકારો.**

- ભિન્ન વ્યક્તિત્વોની કદર કરો.
- પ્રયત્નની અપેક્ષા રાખો, પૂર્ણતાની નહીં.
- આપના બાળકની અન્ય બાળક સાથે સરખામણી ન કરો.
- તેની શક્તિને પિછાણો અને તેને પ્રકાશિત કરો.

**'આપનું બાળક શીખે' એવું ઈચ્છતા હો, તો તે બધી જ બાબતો આપ આપના વર્તનમાં લાવો.**

- સલાહોનો 'ઓવરડોઝ' બાળકને ન આપો.
- આપ જે કરી શકતા ન હો, તે બાબતો બાળક પર ન લાદો.

**લાલચ અને અતિશય લાડને બદલે બાળકને સ્નેહ આપો.**

- મોંઘી ભેટ-સોગાદ ન આપો.
- બાળકને અભિવ્યક્ત થવા માટે પ્રેરિત કરવા ભૌતિક માધ્યમોનો ઉપયોગ ન કરો.

**બાળકને તેની પસંદગી કરવા માટે સમર્થ બનાવો.**

- બાળકના નિર્ણયની પ્રક્રિયામાં તેને સામેલ કરો.
- ક્યારેય આપના નિર્ણયો તેની ઉપર થોપશો નહીં.

**આરામ અને સુખસગવડો આપવાનો પ્રયત્ન કરવાને બદલે બાળકને જીવનના પડકારો સાથે ઝઝૂમવા માટે તૈયાર કરવું જોઈએ.**

- બાળકમાં સમસ્યા-ઉકેલની કુશળતા વિકસાવો.
- બાળકને પડકારરૂપ કામ કરવા માટે આપો.

**બાળકને હકારાત્મક રીતે 'ના' કહેતાં શીખો.**

**બાળક સાથેના વ્યવહારમાં; એવી સ્થિતિ ઊભી થાય, જ્યારે આપને ધમકાવવાની કે બાળકને મારવાની જરૂર પડે, તે એ બાબતનો સંકેત કરે છે કે પેરેન્ટિંગની કળાને આત્મસાત કરવા માટે વધુ પ્રયત્નની જરૂર છે.**

**આપના બાળકને આપનાં સ્વપ્ન સિદ્ધ કરવાનું માધ્યમ ન બનાવો.**

**In the seminar, following were few of the suggestions shared for parenting and child development which can be implemented by the parents.**

**Spend quality time with your child.**

- At least twice a week
- Talk often
- Listen carefully to your child.
- Play at least one game with your child
- Discuss about things going-on around child.
- Share your experiences, talks, happenings in your life etc.

**Monitor own behaviour**

- Do not get angry in front of child
- Use appropriate words in front of child
- Do not yell / scold child especially in public.
- Do not raise hands on them
- Do not take your child along to the places or occasion not suitable for him. Like movie which is not appropriate to the child's age.

**Enable child to make his own choices**

- Never emboss your decision on them
- Get involved in child's decision making process.

While dealing with child, if a situation arises when you are required to yell or beat your child, it indicates the sign to work more on imbibing the art of parenting.

**Give him the impression that he is also an important member of the family**

- Ask for child's opinion
- Maintain your child's self-respect.
- Involve child in family decision making
- Do not belittle / insult your child in front of anyone.

**Accept each child as unique individual**

- Appreciate differences
- Expect effort not perfection
- Do not compare your child with anyone.
- Find-out his strength and bring them to surface

**Practice all the things that you want your child to learn**

- Do not give overdose of advices
- Do not load child with the things which you even can't do.

**Instead of making efforts to provide leisure and comforts, prepare child for dealing with life's challenges.**

- Enhance problem solving skill in child.
- Give child challenging tasks to deal with it on his own.

**Learn to say 'No' to child constructively.**

**Increase child's self confidence**

- Show positive feelings and appreciation for even the small work done by child.
- Display child's artwork, achievements like trophies, prizes, medals, certificates
- Encourage your child for his likings and interest.

**Instead of greed and over-pampering, give child love and affection**

- Do not go for expensive gifts
- Do not use physical means to motivate child to perform

**Do not make your child a medium to fulfill your dreams.**

# What are the benefits of PwP ?

## School

- It helps to develop better understanding of children and families and use this information for their development.
- The School gains parents' support for student's growth and development.
- Working together helps to know each other and develop trust.
- PwP helps to develop and strengthen the bond between Parents and the School.
- PwP makes School's efforts more meaningful to the parents.
- PwP can provide more suitable environment to the children.
- The School can obtain benefit from parents' skill and expertise.
- તે બાળકો અને પરિવારોની વધુ સારી સમજુતી વિકસાવવામાં મદદ કરે છે અને આ માહિતીનો ઉપયોગ બાળવિકાસ માટે કરે છે.
- વિદ્યાર્થીના વૃદ્ધિ અને વિકાસ માટે સ્કૂલ પેરેન્ટ્સનો સહકાર મેળવી શકે છે.
- સાથે રહીને કામ કરવાથી એકબીજાને સમજવામાં અને વિશ્વાસ સુવિકસિત કરવામાં મદદ મળે છે.
- PwP પેરેન્ટ્સ અને સંસ્થા વચ્ચેનું જોડાણ વિકસાવે છે અને મજબૂત કરે છે.
- PwP પેરેન્ટ્સ માટે સ્કૂલના પ્રયાસોને વધુ અર્થપૂર્ણ બનાવે છે.
- PwP બાળકને સુયોગ્ય પર્યાવરણ પૂરું પાડી શકે છે.
- સ્કૂલ પેરેન્ટ્સની કુશળતા અને નિપુણતાનો લાભ મેળવી શકે છે.

## Children

- Children have increased confidence in themselves.
- They experience a symmetry in the home and the school environment and get positively impacted.
- They receive similar information from both which leaves no space for conflict in instructions given.
- They get a suitable learning environment.
- PwP decreases confusion and increases clarity about the things to be done. Hence, it helps to enhance student's performance.
- Children find learning as more enjoyable when their home life is 'visible' in the school.
- Children experience more connections between the school and the home.
- પોતાની જાત પર વધારે વિશ્વાસ અનુભવે છે.
- શાળા અને ઘરના વાતાવરણમાં સમાનતાનો અનુભવ કરે છે અને તેની વિધેયાત્મક અસર પડે છે.
- બંને તરફથી સરખી જ માહિતી મળે છે અને તેથી આપવામાં આવેલી સૂચનામાં વિસંવાદિતા માટે કોઈ જ અવકાશ રહેતો નથી.
- સુયોગ્ય અધ્યયન - પર્યાવરણ પ્રાપ્ત કરે છે.
- વિદ્યાર્થીએ કરવાની બાબતો વિશે મૂંઝવણ ઘટાડે છે અને સ્પષ્ટતા વધારે છે. આથી, તે વિદ્યાર્થીના પર્ફોર્મન્સને વિકસાવવામાં મદદ કરે છે.
- બાળકોને શાળામાં જ ઘરનું જીવન દૃશ્યમાન થાય છે તેથી ભણવાનું કાર્ય વધારે આનંદદાયક લાગે છે.
- શાળા અને ઘર વચ્ચે વધારે જોડાણ હોવાનું અનુભવે છે.

## Parents

- Feel their family's values, practices, traditions and beliefs are understood and taken into account .
- Are more involved in their child's learning and development process.
- Can share information about their children freely .
- Know more about their children's experiences outside home and use this information to support their learning and development more effectively.
- Have increased confidence in their own parenting skills.
- Feel comfortable visiting the school and planning with educator.
- Feel valued and respected.
- એવું અનુભવે છે કે, પોતાના પરિવારના મૂલ્યો, વ્યવહારો, પરંપરાઓ અને માન્યતાઓ સમજવામાં આવે છે અને ધ્યાનમાં લેવામાં આવે છે.
- પોતાના બાળકના શિક્ષણ અને વિકાસની પ્રક્રિયામાં વધારે સંલગ્ન રહે છે.
- પોતાના બાળકો વિશે મુક્તપણે માહિતી આપી શકે છે.
- તેઓના બાળકોને ઘર બહાર થયેલા અનુભવો વિશે વધારે જાણી અને તેમના શિક્ષણ અને વિકાસને વધારે અસરકારક રીતે સમર્થન માટે આ માહિતીનો ઉપયોગ કરી શકે છે.
- પોતાના બાળઉછેર કૌશલ્યમાં વિશ્વાસની વૃદ્ધિ થાય છે.
- શાળાની મુલાકાતે આવવાનું અને શિક્ષકોની સાથે આયોજન કરવાનું સાનુકૂળ લાગે છે.
- ગૌરવ અને આદર અનુભવે છે.

# The Achievements - What we gained from PwP ?

**It's a matter of great pride for the School to arrive to such a state where School can treasure the established relationship with Parents. Through PwP,**

- The school could set remarkable rapport with the parents which yields great results.
- Achiever Parents have developed a better understanding and positive approach towards the efforts made by the School.
- Parents exhibit noteworthy changes in their approach, it is apparent by their participation; Achiever now enjoys 95% of parents' attendance in all of the functions conducted by the School.
- It is commendable to witness Parents arrival sharp on time in all of the functions especially in Annual Day; the grand function envelopes 7000 audience and 800-900 students performances and everything works as per schedule, not even 5 minutes delay.
- Parents exhibit utmost discipline that helps School to carry its functioning smoothly.
- It's admirable and worth acknowledging, the kind of support Achiever receives from parents.

**PwP દ્વારા સ્કૂલ પેરેન્ટ્સ સાથે ઘનિષ્ઠ સંબંધ સ્થાપિત કર્યો એ ખૂબ ગૌરવની બાબત છે.**

- સ્કૂલ પેરેન્ટ્સ સાથે નોંધનીય સંબંધ સ્થાપિત કરી શકી, તે મોટી ફલશ્રુતિ દર્શાવે છે.
- અચિવર-પેરેન્ટ્સે સ્કૂલ દ્વારા કરવામાં આવેલ પ્રયત્નો પ્રત્યે સુસમજ તથા વિધેયાત્મક અભિગમ કેળવ્યાં છે.
- પેરેન્ટ્સે તેમના અભિગમમાં નોંધપાત્ર પરિવર્તન આણ્યું છે, એમ તેઓની સહભાગિતા પરથી દેખાઈ આવે છે ; આયોજિત તમામ સમારંભોમાં પેરેન્ટ્સની ૯૫% હાજરી બદલ સ્કૂલ આનંદ વ્યક્ત કરે છે.
- બધા જ સમારંભોમાં વિશેષતઃ વાર્ષિકોત્સવમાં પેરેન્ટ્સનું સમયસર ઉપસ્થિત રહેવું એ ખૂબ પ્રશંસનીય બાબત છે ; વાર્ષિકોત્સવમાં ૭૦૦૦ પ્રેક્ષકો હોય છે અને ૮૦૦-૯૦૦ વિદ્યાર્થીઓ પર્ફોર્મ કરે છે તથા દરેક કામ નિશ્ચિત ક્રમ મુજબ જ ચાલે છે.
- પેરેન્ટ્સ અત્યંત અનુશાસન જાળવે છે, જે સ્કૂલને સરળતાથી કામ કરવામાં મદદ કરે છે.
- પેરેન્ટ્સ તરફથી સરાહનીય અને સ્વીકાર્ય સહકાર પ્રાપ્ત થાય છે.

## School owes a vote of thanks to parents

This is a sincere effort to extend the heartfelt gratitude to our School Parents for believing us. The School recognizes that the Parents played a key role for the success of PwP. Without Parents' involvement and support, this journey could not be completed. The concept could not have turned to reality. We are glad that our parents stood with us for every attempt made by School. The School wants to tender a special thanks to the parents for providing us with an opportunity to work for their child. We treasure their choice of sharing child's most wonderful years with us. We feel gratified of being associated with the wise Parents.

## સ્કૂલ પેરેન્ટ્સ પ્રતિ ઉપકૃતતાની લાગણી વ્યક્ત કરે છે:

અમારા સ્કૂલ-પેરેન્ટ્સ પ્રત્યે અમારામાં વિશ્વાસ મૂકવા બદલ હૃદયપૂર્વક કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરવાનો આ નૈષ્ઠિક પ્રયાસ છે. સ્કૂલ સ્વીકારે છે કે સેશનને સફળ બનાવવામાં વાલીઓએ ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. પેરેન્ટ્સના સમાવેશ અને સહકાર વગર આ યાત્રા પૂર્ણ ન થઈ શકી હોત, વિભાવનાનું વાસ્તવિકતામાં રૂપાંતર થઈ શક્યું ન હોત. અમને આનંદ છે કે સ્કૂલ-પેરેન્ટ્સ સ્કૂલ દ્વારા કરવામાં આવેલા પ્રત્યેક કાર્ય-પ્રયત્નમાં અમારી સાથે ઊભા હતા. સ્કૂલ પેરેન્ટ્સ પ્રતિ તેઓનાં બાળકો માટે અમને કામ કરવાની તક આપવા બદલ વિશેષ ધન્યવાદ પ્રગટ કરવા ઈચ્છે છે. તેઓના બાળકનાં સૌથી મહત્ત્વનાં વર્ષો અમારી સાથે વહેંચવાની પસંદગી અમારે માટે અમૂલ્ય છે. સુજ્ઞ પેરેન્ટ્સ સાથે જોડાવા બદલ પ્રસન્નતાની લાગણી અનુભવીએ છીએ.


**'Your Support is Our Strength'**

# Chintan **Shibir**

ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘ અને ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સંયુક્ત ઉપક્રમે સ્કૂલ ઑફ અચિવરના ઑડિટોરિયમમાં 'શિક્ષણ-ચિંતન-શિબિર'નું આયોજન તા.૧૧-૦૩-૨૦૧૭ ના રોજ થયું હતું. મુખ્ય મહેમાન પદ ગુજરાતના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ શોભાવી શિબિરાર્થીઓને સાચા અર્થમાં શિક્ષણની વિભાવના સમજાવી હતી. પ્રસિદ્ધ કવિ, વિચારક અને વક્તા આદરણીય શ્રી તુષાર શુક્લએ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહી શિક્ષણ, આચાર્ય, શિક્ષક અને વિદ્યાર્થીને પરસ્પર સાંકળી શિક્ષણના વર્તમાન પ્રવાહોની ચર્ચા કરી જિલ્લાના આચાર્યોને માર્ગદર્શન આપ્યું હતું.







અચિવરના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ માનનીય શિક્ષણમંત્રીનું અભિવાદન કર્યું હતું.

'શિબિર' નિમિત્તે પધારી સ્કૂલના મહેમાન બનેલા આદરણીય શિક્ષણમંત્રીશ્રી માનનીય જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા અન્ય મહેમાનોને સ્કૂલ મેનેજમેન્ટ અને સ્ટાફ દ્વારા મંચ પ્રતિ દોરી જવાયા હતા.



અચિવરના ઑડિટોરિયમમાં શિક્ષણ-ચિંતન-શિબિરટાણે ગાંધીનગર જિલ્લાના સારસ્વત આચાર્યોની ઉમદા ઉપસ્થિતિ.










શિક્ષણ ચિંતન શિબિરના મુખ્ય મહેમાન આદરણીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા શિબિરના મુખ્ય વક્તા, પ્રસિદ્ધ કવિ શ્રી તુષાર શુક્લએ સ્કૂલના અભિવાદન સમારોહમાં મંચ શોભાવ્યો હતો.

સ્કૂલના અતિથિશ્રીઓનું વિદ્યાર્થીઓએ આગવી શૈલીમાં ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું.

મહાનુભાવોએ શિક્ષણ-ચિંતન-શિબિરમાં સારસ્વત-આચાર્યોને સંબોધ્યા હતા.









શિક્ષણ ચિંતન શિબિરના આરંભ પહેલાં આદરણીય શિક્ષણમંત્રી, આદરણીય જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા આચાર્ય સંઘના પદાધિકારીશ્રીઓ વગેરે એ સ્કૂલના વિદ્યાર્થીઓનું અભિવાદન ઝીલ્યું હતું. આદરણીય શિક્ષણમંત્રીશ્રીએ મંચ પરથી વિદ્યાર્થીઓને સંક્ષિપ્ત પ્રેરક ઉદ્‌બોધન કરી, અભિનંદન-સંદેશ પાઠવ્યો હતો.



અચિવરના આદરણીય મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રિન્સીપાલ દ્વારા આદરણીય શિક્ષણમંત્રીને સ્કૂલ વિઝિટ માટે પથદર્શન કરવામાં આવ્યું હતું.



શિક્ષણ-ચિંતન-શિબિરમાં ઑડિટોરિયમના મંચ પર મહાનુભાવો.




સ્કૂલના શિક્ષક શ્રી પ્રતીક બારોટ દ્વારા કંડારાયેલ, અતિથિની જ પ્રતિકૃતિ સમી રંગોળી વડે તેઓશ્રીનું ઊર્મિલ સ્વાગત.






મહેમાનોને સ્કૂલની સ્મૃતિઓ ચિર કાળ સુધી સાચવવાનો પરોક્ષ સંદેશ રંગોળી દ્વારા





પૂ.દાદા ભગવાન મુવમેન્ટનો સેવાર્થીવિશેષ સત્સંગ કાર્યક્રમ સ્કૂલના ઓડિટોરિયમમાં યોજાયો હતો. આત્મજ્ઞાની પૂ.દીપકભાઈ દેસાઈ આ પ્રસંગે સ્કૂલમાં પધાર્યા હતા.

ગુજરાત વિધાનસભાના-વિરોધપક્ષના નેતા આદરણીય શ્રી શંકરસિંહ વાઘેલા તા. ૧૮-૬-૨૦૧૫ના રોજ લાયન્સ ક્લબના ૩૭મા Installation Programme માં ભાગ લેવા હેતુ સંસ્થામાં પધાર્યા હતા.








ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ આદરણીય શ્રી પુરુષોત્તમ રૂપાલાજી તા. ૧૧-૭-૨૦૧૫ના રોજ Rotary Club Installation Ceremony માં ભાગ લેવા હેતુ સંસ્થામાં પધાર્યા હતા.










Shree Rajnibhai Patel


Shree Mahendrabhai Trivedi

‘સ્કૂલ’ના ચતુર્થ વાર્ષિકોત્સવ પ્રસંગે તા.૨૮-૩-૨૦૧૪ના રોજ મુખ્ય મહેમાનપદે ગુજરાત ગૃહ રાજ્ય મંત્રી શ્રી રજનીકાંત પટેલ તથા અતિથિ વિશેષ પદે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન શ્રી મહેન્દ્ર ત્રિવેદી ઉપસ્થિત હતા.




Shree Anilbhai Patel


Shree Krushnakant Jha



તા.૭-૩-૨૦૧૩ના રોજ ‘માં તુજે સલામ’ના શીર્ષક પર યોજાયેલ ગુજરાતી માધ્યમના તૃતીય વાર્ષિકોત્સવ પ્રસંગે ગણપત વિદ્યા-સંકુલ, ખેરવાના પ્રમુખશ્રી અનિલભાઈ પટેલ મુખ્ય મહેમાનપદે તથા ‘ગાંધીનગર સમાચાર’ના તંત્રીશ્રી કૃષ્ણકાંત જહા અતિથિ વિશેષ પદે ઉપસ્થિત હતા.

તા.૬ અને ૮ માર્ચ ૨૦૧૩ ના રોજ અંગ્રેજી માધ્યમ દ્વારા યોજાયેલ તૃતીય વાર્ષિકોત્સવ પ્રસંગે GUDA ના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર મુખ્ય મહેમાન પદે તથા ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વિનયગીરી ગોસાઈ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા.


Shree Ashokbhai Bhavsar




Shree Vinaygiri Gosai

ગણપત યુનિવર્સિટી, ખેરવાના ચીફ-ઇન-પેટ્રન આદરણીય શ્રી ગણપતભાઇ પટેલ તેઓશ્રીનાં ધર્મપત્ની સહિત સ્કૂલના સ્નેહનિમંત્રણને સ્વીકારી સ્કૂલની મુલાકાતે તા.૨૯-૧૨-૨૦૧૭ના રોજ પધાર્યા, એ અમારા માટે પરમ સૌભાગ્યની ક્ષણો હતી.







સ્કૂલના ચતુર્થ વાર્ષિકોત્સવ પ્રસંગે તા.૧ માર્ચ, ૨૦૧૪ના રોજ મુખ્ય મહેમાનપદે કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડના પ્રેસિડેન્ટ એન્ડ સી.એફ.ઓ. શ્રી કમલ જૈન ઉપસ્થિત હતા.








સ્કૂલના પાંચમા વાર્ષિકોત્સવ પ્રસંગે તા.૨૮-૨-૨૦૧૫ના રોજ મુખ્ય મહેમાનપદે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી આર.સી.રાવલ તથા અતિથિવિશેષ પદે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.એમ.બારડ પધાર્યા હતા.



મુખ્ય મહેમાન આદરણીય શ્રી આર.સી.રાવલનું અભિવાદન



અતિથિ-વિશેષ આદરણીયશ્રી બારડ સાહેબનું અભિવાદન



કાર્યક્રમમાં દીપ-પ્રાગટ્ય સંસદસદસ્ય આદરણીયશ્રી હરિનભાઈ પાઠક દ્વારા.

ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરતો, રંગત ગ્રૂપના શ્રી નરેશ શાહ પરિકલ્પિત કાર્યક્રમ 'દોસ્ત હું ગુજરાત છું' ૯ માર્ચ ૨૦૧૩ના રોજ યોજાયો હતો. કાર્યક્રમમાં ગાંધીનગરના તમામ અગ્રગણ્ય વ્યક્તિઓ તથા આમંત્રિતો ઉપસ્થિત હતા.














Shree Satish A. Patel

એક્ટિવિટી ફિએસ્ટા-૨૦૧૬ના ઉદ્દઘાટન-સમારોહના મુખ્ય મહેમાન પદે ગાંધીનગર જિલ્લાના કલેક્ટર આદરણીય શ્રી સતિષ પટેલ (IAS) પધાર્યા હતા. તેઓશ્રીએ ફિએસ્ટાને ખુલ્લો જાહેર કરતાં હર્ષ વ્યક્ત કરી, વિદ્યાર્થીઓને પ્રેરક પ્રવચન આપી, અભિનંદન પાઠવ્યાં હતા.






Shree R. I. Patel



એક્ટિવિટી ફિએસ્ટા, ૨૦૧૫નું વિશિષ્ટ અનાવરણ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ શ્રી આર. આઈ. પટેલ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી વી. આર. ગોસાઈ તથા સંસ્થાના અધિકારીગણની ઉપસ્થિતિમાં એક્ટિવિટી ફિએસ્ટા-૨૦૧૫નો ઉદ્દઘાટન સમારોહ સંપન્ન થયો.





Jyotiben Thanki


Shree Harshad Shah


Shree C. V. Som

‘અચિવર એક્ટિવીટી ફિએસ્ટા-૨૦૧૩’ના સમાપન સમારંભ પ્રસંગે શ્રી હર્ષદ પ્ર. શાહ (વાઈસ ચાન્સેલર, ચિલ્ડ્રન યુનિવર્સિટી), શ્રી સી. વી. સોમ - IAS (કમિશનર ઓફ સ્કૂલ એજ્યુકેશન) તથા જ્યોતિબેન થાનકી (એડ્વાઈઝર, ચિલ્ડ્રન યુનિવર્સિટી) સાથે શાળાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પ્રજ્ઞેશ પટેલ તસવીરમાં દ્રશ્યમાન થાય છે.





Shree Kamleshbhai Joshipura

“અચિવર એક્ટિવિટી ફિએસ્ટા-૨૦૧૩’’ના ઉદ્‌ઘાટન સમારંભ પ્રસંગે ડો. કમલેશભાઈ જોષીપુરા (વાઈસ ચાન્સેલર - IITE), શાળાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ તથા રાજુભાઈ પટેલ તસવીરમાં દૃશ્યમાન થાય છે..



**Topic : Parenting for Peace**

એક્ટિવિટી ફિએસ્ટાના હેતુઓમાંનો એક છે : વિદ્યાર્થીઓને વાસ્તવિક દુનિયા અને જીવનની જમીની હકીકતોનો પરિચય કરાવવો. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તેમ પણ સ્કૂલ ઈચ્છે છે, સ્કૂલ આ હેતુની સિદ્ધિ માટે વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોના પ્રવચનની શ્રેણીનું આયોજન કરે છે.


Shree Hasmukhbhai Patel - IPS


**Mr. Girish Singhal - IPS**
Topic : Awareness of Law & Order

તા.૨૧ ઓક્ટોબરે IPS શ્રી ગિરીશ સિંઘલે ધોરણ ૯-૧૦ના વિદ્યાર્થીઓનું દેશની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તરફ ધ્યાન દોર્યું હતું. તેઓએ પોલીસ ડિપાર્ટમેન્ટ અને તેની કામ કરવાની રીતભાત/શૈલીથી વિદ્યાર્થીઓને અવગત કર્યા હતા.

સ્કૂલ દ્વારા નિમંત્રાયેલા વિધ-વિધ ક્ષેત્રના નિષ્ણાત મહાનુભાવોએ પોતાના બહોળા જ્ઞાનના નિચોડ રૂપ વ્યાખ્યાન દ્વારા વિદ્યાર્થીઓને જ્ઞાનસમૃદ્ધ કર્યા હતા તથા વાસ્તવિક જીવનમાં પદાર્પણના સાચા અર્થમાં પાઠ શીખવ્યા હતા.



**Mr. Hiren Bhatt (Asst. Director)**
Topic : Insight to Journalism



**Mr. George Fernandis**
Topic : Personality Development



**Dr. Gopal Shashtri** (Naturopath)
Topic : Ek Kadam Swasthya Ki Aur



**Dr. Narottam Sahoo**
(Scientist, Advisor-Science City)
Topic : Pursuing Scientific Temperament for Nation's Development







**Dr. Neeta Shekhat**
(Gynecologist & Obstetrician)
Topic : A Step Towards Awareness



**Sujata Deshmukh**
(Career Advisor)
Topic : Right Stream Selection



**Mr. J. K. Suthar** (Principal)
Topic : Raising Curtains from Blind-Beliefs



**Mr. Sanjay Raval**
(Motivational Speaker)
Topic : Developing Self-confidence & Positivity



**Mr. Falgun Shah**
Topic : Self - Defence

**ગુજરાતી ભાષાનું અસ્તિત્વ :**

ગુજરાતમાં ગુજરાતી ભાષાના અસ્તિત્વ સામે ખતરો મંડરાઈ રહ્યો છે અને તેને ખાળવા રાજ્ય સરકાર પ્રયત્નના ભાગરૂપે GSEB સિવાયના તમામ બોર્ડના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી વિષય ફરજિયાત કરવા જઈ રહી છે તે સંજોગોમાં સ્કૂલ ઓફ અચિવરે ગુજરાતી વિષય જ નહીં ગુજરાતી માધ્યમના અસ્તિત્વને પણ ટકાવવાના પૂરતા પ્રયત્નો કર્યા છે.

સમાજમાં અંગ્રેજી માધ્યમની ઘેલછા હોવા છતાં સ્કૂલ ઓફ અચિવરે ખાસ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને અંગ્રેજી માધ્યમની શાળાના સ્તરની સુવિધાઓ મળે તેવો પ્રયાસ કર્યો છે. સ્વીમિંગ, સ્કેટિંગ, ટેનિસ, ટેબલટેનિસ, ક્રિકેટ, વોલીબોલ, મ્યુઝિક, ડાન્સ, ચેસ, કેરમ, વોકલ મ્યુઝિક યોગા-કરાટે વગેરે જેવી વિવિધ પ્રવૃત્તિઓ એક જ છત નીચે મળે તો ગુજરાતી માધ્યમમાં આવનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે. બન્યું પણ એવું જ પ્રતિવર્ષ સ્કૂલની સંખ્યા વધતી જ ગઈ. સ્થાપના વખતે (મે-૨૦૧૦માં) ગુજરાતી માધ્યમની જે સંખ્યા ૧૦૫ હતી, તે વધીને આજે ૯૫૦ નો આંકડો પાર કરી ગઈ છે.

આમ, ગુજરાતી અને ગુજરાતી માધ્યમના અસ્તિત્વને ટકાવવાનો જ નહીં, તેમાં પ્રગતિ સાધવાનો 'સ્કૂલ'નો પ્રયત્ન સફળ રહ્યો છે.

**GSEB અને અંગ્રેજી માધ્યમ**

વિવિધ અદ્યતન પ્રવૃત્તિઓ અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવતી સ્કૂલો GSEB સિવાયના બોર્ડ સાથે સંલગ્ન હોય, એવી ધારણાને પાયાવિહોણી દર્શાવવાનું કામ સ્કૂલ ઓફ અચિવર દ્વારા થયું. અંગ્રેજી માધ્યમ સાથે ભણવા ઈચ્છતા ગુજરાતી કલ્ચરના વિદ્યાર્થીઓ માટે સ્કૂલ ઓફ અચિવર GSEB સાથે સંલગ્ન હોવા છતાં શ્રેષ્ઠ વિકલ્પ પુરવાર થઈ છે.

**સ્કૂલ ઓફ અચિવર તેનાં ફી-ધોરણોની વિશિષ્ટતાને કારણે અલગ તરી આવે છે.**

- કોઈપણ પ્રકારે એડમિશન ફી નથી લેવાતી.
- શિક્ષણ જગતમાં જેની ખૂબ નિંદા થાય છે, તે 'ડોનેશન' નામે 'અચિવર' ક્યારેય એકપણ પૈસો લેતી નથી.
- કોઈપણ પ્રકારની અનામત (Deposit) રૂપે રકમ લેવાતી નથી.
- સ્કૂલ ફી ભરનારને બધી જ એક્ટિવિટી આપોઆપ ઉપલબ્ધ થાય છે; કોઈપણ પ્રકારની 'એક્ટિવિટી ફી' લેવાતી નથી.
- પ્રતિવર્ષ કાયદેસર મળવાપાત્ર ૧૦% કરતાં પણ ઓછો ફી વધારો અમલમાં આવે છે. છતાં પ્રતિવર્ષ નવું ડેવલપમેન્ટ થતું જ રહે છે અને છતાં ડેવલપમેન્ટ ફી કોઈપણ સ્વરૂપે ક્યારેય લેવામાં આવતી નથી.
- ફી-વ્યવસ્થા પૂર્ણતઃ પારદર્શક છે. જેટલી ફી લેવાય છે, તેટલાની જ પાવતી અપાય છે. કોઈપણ પ્રકારની છૂપી (hidden) કે આડકતરી ફી નથી જ લેવાતી.
- ભૌતિક સંસાધનોની ગુણવત્તાને કેન્દ્રમાં રાખી સમગ્ર સ્કૂલ એક જ પાળી (શિફ્ટ)માં ચાલે છે, જેથી બાકીના સમયમાં સારી રીતે મેઈન્ટેન કરી શકાય.

## બાળકના ચારિત્ર્ય-ઘડતરમાં વાતાવરણની મુખ્ય ભૂમિકા :

વિદ્યાર્થી-વિકાસ કે વિદ્યાર્થી-ચારિત્ર્યઘડતરમાં વાતાવરણની મુખ્ય ભૂમિકા હોય છે એવો અમારો ખ્યાલ છે અને એટલે જ વિદ્યાર્થીની આસપાસ અપેક્ષિત ઈમેજને અનુરૂપ વાતાવરણના પ્રક્ષેપણનો પ્રયત્ન કરીએ છીએ. એક સાદા ઉદાહરણથી આ બાબત સારી રીતે સમજી શકાય :

એક વ્યક્તિ મંદિરમાં જાય છે તો આરાધનામાં વ્યસ્ત અને આધ્યાત્મિક દેખાય છે. એ જ વ્યક્તિ સ્મશાનમાં જાય તો વૈરાગ્યનો ભાવ જાગૃત જાય છે. મનુષ્ય દેહ નાશવંત છે, જીવન મિથ્યા છે, મૃત્યુ જ સત્ય છે વગેરે જેવા વિચારો આવે છે. મિત્રો સાથે મહેફિલમાં હોય તો રંગીન બની જાય છે. ક્યારેક વિવેકભાન પણ ખોઈ બેસે છે, તો વળી કોઈ આંદોલનમાં ભળે છે, તો આક્રમક કે હિંસક પણ બની બેસે છે.

આવું કેમ થાય છે ? વ્યક્તિ એક જ છે પણ જુદા જુદા સમયે જુદું વ્યક્તિત્વ કેમ દેખાય છે ? શું તેની આસ-પાસની ઊર્જા તેની ઉપર અસર કરે છે ? વ્યક્તિની આસપાસનું પર્યાવરણ તેને એ પ્રકારની ઊર્જા પ્રદાન કરે છે અને ઊર્જાની અસર તળે વ્યક્તિની તાસીર પણ બદલાય છે.

મંદિરમાં વ્યક્તિ મૂર્તિને ભગવાન જ માને છે અને તેના મનમાં શ્રદ્ધા-ભક્તિનો ભાવ પેદા થાય છે પણ એજ મૂર્તિ જો દુકાનમાં હોય, તો વ્યક્તિ બજારના વાતાવરણથી રંગાય છે. એ મૂર્તિનો ભાવતાલ કરે છે આમ કેમ ? એક જ મૂર્તિનો જુદો-જુદો પ્રભાવ કેમ? વાતાવરણ વ્યક્તિને જુદા-જુદા વાતાવરણ દ્વારા મળતી ઊર્જા અનુસાર જુદાં-જુદાં વર્તનો કરવા પ્રેરે છે.

આ જ સિદ્ધાંતનો શું શિક્ષણમાં વિનિયોગ ન થઈ શકે ? અમે વિધેયાત્મક ઊર્જા અંગે સતત ચિંતન કરીએ છીએ અને તે બાળકોની આસપાસ કેવી રીતે રચી શકાય, તેનું અધ્યયન અને પ્રયોગો કરતા રહીએ છીએ. કેટલાક ઉપાયો સૂઝે છે અને તેને ત્વરિત અમલમાં મૂકીએ છીએ.

'બાળકેન્દ્રી અભિગમ' એનો જ પરિપાક છે. બાળકોને કેન્દ્રમાં રાખી બધીજ વ્યવસ્થા, બધાં જ કાર્યોનું આયોજન ગોઠવવાથી બાળકો પરમ સંતોષ અને નિ:સીમ આનંદનો અનુભવ કરે છે. બાળકના આનંદથી સમગ્ર વાતાવરણમાં સમગ્ર પરિસરમાં હકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે.

- ગત વર્ષે માર્ચ માસમાં શિક્ષણ જગતમાં એક નવા વિચારનું આગમન થયું. સરકારે વિદ્યાર્થી અને વાલીએ જરૂર કરતાં વધારે ફી ન ભરવી પડે તે માટે ચિંતા કરી અને વિધાનસભામાં ફી-નિયમન વિધેયક પ્રસાર થયું. અમે આ વિચાર અને વિધેયકનું સ્વાગત જ કરેલું. શિક્ષણ ફક્ત નફાખોરીનું માધ્યમ ન જ બને જે અતિ જરૂરી છે; પણ બદલાતા પ્રવાહોની સાથે સ્થિતિસ્થાપકતા પણ એટલી જ જરૂરી છે.

  સમય બદલાવાની સાથે સુવિધાઓ, શિક્ષણ પધ્ધતિ, શિક્ષણ વિચાર બધું જ update થવું જોઈએ.
- ફી-નિયમન એક્ટ બન્યા બાદ અને અમારી ફી-પ્રસ્તાવ ફાઈલ પ્રસ્તૃત કર્યા બાદ તેના હેતુ સાથે અમે સંમત હોવા છતાં, તેના અમલીકરણની પ્રક્રિયા અને તેનાં ત્વરિત તથા દૂરગામી પરિણામો અંગે અમારા મનમાં કેટલાંક સંદેહ ઉદ્‌ભવ્યા :
- પ્રત્યેક શૈક્ષણિક સંસ્થા વિશિષ્ટ વિઝન સાથે અને નિશ્ચિત હેતુપૂર્તિ માટે લાંબા ગાળાના પ્લાનિંગ સાથે અસ્તિત્વમાં આવી હશે. આ પરિસ્થિતિમાં અચાનક કોઈ મોટો ફેરફાર તેના મૂળભૂત ખ્યાલનો પરિવર્તિત કરવા મજબૂર કરશે તો તેણે અત્યાર સુધી કરેલ સમય, શક્તિ અને અર્થનું રોકાણ વેડફાઈ જવાનો મોટો ખતરો ઊભો જ છે.
- સંસ્થા પ્રથમ દિવસથી જ તમામ ધારાધોરણનું પાલન કરે. પ્રવૃત્તિઓ અને સુવિધાઓ ઉત્તમ કક્ષાની ઉપલબ્ધ કરાવવામાં આવે, સ્કૂલ સાથે જોડાયેલા પેરેન્ટ્સ ખુશ હોય એનાથીય સવિશેષ બાળકો આનંદ લેતા હોય એવા સંજોગોમાં વર્તમાન કેટલીક પ્રક્રિયાઓ સ્કૂલની પ્રગતિની તીર ગતિને રોકી ન શકે પણ કંઈક અંશે ધીમી જરૂર પાડી શકે.
- સ્કૂલની સ્થાપના પછીની યાત્રામાં સાત વર્ષ જેટલું અંતર કાપ્યા બાદ પ્રથમ વાર એવો અહેસાસ થયો, જાણે કોઈકે બ્રેક મારી હોય !
- શિક્ષણના કેન્દ્રસ્થાને શું હોવું જોઈએ, શિક્ષણની ગુણવત્તા કે ઓડિટ રિપોર્ટ ? શું શિક્ષણના કેન્દ્રમાં બાળક હશે ખરૂં ?
- પ્રત્યેક સંસ્થા અલગ વિઝન અલગ હેતુ સાથે શિક્ષણ ક્ષેત્રે કામ કરી રહી છે. દરેકની વિશેષતા જુદી હશે અને દરેકના પ્રશ્નો પણ જુદા હશે. સંસ્થાનું મૂલ્યાંકન ઉપરોક્ત બધી બાબતોને કેન્દ્રમાં રાખીને થવું જોઈએ. શું એવા કોઈ ગજ કે માપદંડ ઘડાયા છે, જે સ્કૂલનું બાહ્યાભ્યંતર સચોટ, પારદર્શક, નિર્વિવાદ મૂલ્યાંકન કરી શકશે.
- ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ દેખાવ કરે છે. એક વિદ્યાર્થિની સમગ્ર રાજ્યમાં પ્રથમ આવે છે. સતત ચાર વર્ષથી સ્કૂલના વિદ્યાર્થીઓ ગાંધીનગર જિલ્લામાં પ્રથમ સ્થાન હાંસલ કરે છે અને એ પણ એકેય વિષયના ટ્યૂશન વગર! શું સ્કૂલની સમીક્ષામાં આની નોંધ લેવાશે ખરી ?

  આ વર્ષે સ્કૂલના ૧૪ વિદ્યાર્થીઓ સ્પોર્ટ્સ એન્ડ ઍક્ટિવિટીઝમાં રાષ્ટ્રીય સ્તરે, ૪૨ વિદ્યાર્થીઓ રાજ્ય સ્તરે, ૭૨ વિદ્યાર્થીઓ જિલ્લા સ્તરે સિદ્ધિ મેળવી તેની શું નોંધ લેવાશે ? (વિદ્યાર્થીઓની સિદ્ધિ દર્શાવતાં તથ્યો આ બૂકમાં સચિત્ર મૂકેલાં છે.) આ પરિણામો, આ સિદ્ધિ ટૂંક સમયના પ્રયત્નોનો પરિપાક નથી હોતો. લાંબાગાળાના સખત પરિશ્રમનું પરિણામ હોય છે. સંસ્થાના મૂલ્યાંકન વખતે શું આ બધી બાબતોને ધ્યાનમાં ન લેવાય તો પ્રશ્ન એ થાય કે આપણે ગુણવત્તાની વ્યાખ્યા શી કરીએ છીએ ?
- શાળા જીવન દરમિયાન જ સ્કૂલના તમામ વિદ્યાર્થીઓ તમામ એક્ટિવિટી શીખે છે. અગાઉ એ તમામ બાબતોનો સચિત્ર ઉલ્લેખ થયેલ છે જ. જેમાં જીવન જરૂરી ભાથું પણ બાળકો આ સમય દરમિયાન જ મેળવી લે છે. શું આ બાબતનું કોઈ મૂલ્યાંકન થશે?

  સંદેહ એ વાતનો છે કે સ્કૂલની મુલાકાત લીધા સિવાય કે સ્કૂલની વાસ્તવિક વિગતો મેળવ્યા સિવાય સ્કૂલનું મૂલ્યાંકન થશે અને સંસ્થાઓએ મેળવેલ સાચી ગુણવત્તા અદૃશ્ય રહી જશે.

  અમે અમારા ફી પ્રસ્તાવની ફાઈલની ભૂમિકામાં એવો સ્પષ્ટ અનુરોધ કરેલો કે તેઓ (FRC) અમારી સ્કૂલની મુલાકાત અવશ્ય લઈને જ અમારી ફી નિર્ધારિત કરે. સ્કૂલનાં બાળકો, શિક્ષકો, અન્ય સ્ટાફ અને વાલીઓને મળીને ઊલટતપાસ કરવા પણ વિનંતી કરી હતી.
- સ્કૂલની મુલકાત લઈને જો મુલ્યાંકન કરવામાં આવશે તો વાસ્તવિક પરિસ્થિતિની વધુ નજીક જઈ શકાશે.

**છતાં પણ...**

આટલા લાંબા સમય સુધી અનિર્ણાયક પરિસ્થિતિને લીધે વ્યાકુળતા થાય તે સહજ છે અને આ વ્યાકુળતા ઘણીવાર તો મનને વિચલિત કરી મૂકે ત્યાં સુધી પહોંચી જાય. સંકલ્પમાંથી પાછા હઠવાનું મન થાય. સ્કૂલને હેતુ સિદ્ધિના શિખર સુધી લઈ જવાનો આ સંકલ્પ અટકી જવાનો સંદેહ પણ થાય. પાછા હઠવું કે અટકી જવું એટલા માટે નહીં, કે નવા નિયમોમાં કામ નહીં કરી શકાય કે આર્થિક મુશ્કેલીઓ પડશે. અમે પ્રતિબદ્ધતાના અનુસરણના સિદ્ધાંતોની વાત કરી રહ્યા છીએ, ૨૦૧૦ થી અત્યાર સુધી વિદ્યાર્થી અને વાલી સામે જે નીતિ-રીતિ અને વ્યવહારો સાર્વજનિક કરી ચૂક્યા છીએ એમાંથી વિચલિત થવાની ક્ષણ આવે તો, આચરણ દ્વારા શિક્ષણનો સિદ્ધાંત લઈ બાળક સાથે પ્રત્યાયન કરનારા અમે વચનભંગ થઈએ ત્યારે અમારી જાતને અમે જવાબ કેવી રીતે આપી શકીએ. સંસ્થાની ઓળખ અને સંસ્થાનું હાર્દ એ સંસ્થાની પ્રવૃત્તિઓ છે તેમાંથી એક પણ પ્રવૃતીઓ ઓછી કરવાનો સમય આવે તો મનમાં અપરાધ ભાવ જાગે.

આદર્શ પરિસ્થિતિ તો એ છે કે જવાબદારી સૂચવવાને બદલે જવાબદારી ઉપાડી લેવી. હકારાત્મક રીતે એ પણ વિચારવું જોઈએ કે સમાજનો ઝુકાવ સેલ્ફ ફાયનાન્સ સ્કૂલો તરફ છે કારણ કે કદાચ, એ સ્કૂલો એમની જરૂરિયાતો સંતોષતી હશે.

છતાં શાશ્વત નિયમો બદલાતા નથી. પ્રત્યેક અવતરણ એના નિશ્ચિત ઉકેલ સાથે જ થયું હોય છે. અમે આશ્વસ્ત છીએ કે અમારી સમસ્યાનો ઉકેલ ઘડાયેલો જ હશે.


સુશ્રી શર્મિષ્ઠાબેન પટેલ

સ્કૂલ ઓફ અચિવર, કુડાસણનું સંચાલન એસ. એસ. પટેલ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થઈ રહ્યું છે. આ નામ જેમના તરફથી મળ્યું છે અથવા એમ કહું કે આ નામમાં જે સમાહૃત છે તે સુશ્રી શર્મિષ્ઠાબેન શંકરભાઈ પટેલ સ્કૂલના ટ્રસ્ટીમંડળના સભ્ય તથા ટ્રસ્ટીશ્રી વિનોદભાઈ પટેલનાં માતા સ્કૂલનું અભિન્ન પાત્ર છે, એમ કહેવું અત્યુક્તિ નથી. વિનોદભાઈની સાથે ઘણીવાર અંતરંગ વાતો થાય છે, તેમાંથી સુશ્રી શર્મિષ્ઠાબેનનો પરોક્ષ પરિચય થયો છે:

ખૂબ નાની ઉંમરમાં પતિનું છત્ર ગુમાવતાં પરિવારના નિર્વહન અને બાળકોના ઉછેરની જવાબદારી શર્મિષ્ઠાબેન પર આવી. સ્વભાવે સાહસિક હોવાથી બખૂબી જવાબદારી નિભાવી શક્યાં. બાળકોમાં પણ સાહસિકતાના ગુણનું સિંચન કર્યું અને સમાજ માટે કંઈ કરી છૂટવાની પ્રેરણા આપી. આજે પણ શર્મિષ્ઠાબેન સ્કૂલ સાથે સતત સંલગ્ન રહે છે.

સ્કૂલ ઓફ અચિવર, કુડાસણના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે મારી પોતાની પ્રોફાઈલ વિશેની વાત કહેવાની ફરજ પડતાં ઔપચારિક રીતે જ પ્રોફાઈલની વિગતો મૂકું છું.

શાળાજીવન લુણાવાડા, પંચમહાલ અને ગાંધીનગરમાં વીત્યું.

હું ઘણીવાર કહી ચૂક્યો છું કે શાળાભ્યાસ દરમ્યાન ઉત્કૃષ્ટ વિદ્યાર્થી તરીકેની છાપ નહોતી, પણ ગણિતમાં ખૂબ રસ હોવાને લીધે ગણિત સાથે M.Sc., B.Ed.ની યોગ્યતા મેળવી શિક્ષક તરીકેની ફરજ સ્વીકારી.

સ્વામિનારાયણ ગુરુકુળ, સિદ્ધપુર અને શેઠ સી.એમ. વિદ્યાલય, કડી કેમ્પસ, ગાંધીનગરમાં શિક્ષક તરીકે કાર્ય કર્યું, તો એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજ અમદાવાદ તથા ડીડીઆઈટી, નડીયાદમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવી.

અંતે, ગણપત યુનિવર્સિટી, ખેરવામાં Head of the Dept. of Mathematics તરીકે સતત ૧૩ વર્ષ સુધી કાર્યરત રહ્યો.

આ સમય દરમ્યાન પાઠ્યપુસ્તકો અને સંદર્ભ સાહિત્યના લેખક તરીકે પણ ભૂમિકા અદા કરી, તો 2010માં JJT Universityમાં અભ્યાસાર્થે જોડાઈ 2016માં Mathematicsમાં Ph.D.ની ઉપાધિ મેળવી.

એક વિશિષ્ટ વિઝન સાથે સ્કૂલ ઑફ અચિવર, કુડાસણની નૈતિક જવાબદારીમાં પ્રવૃત્ત થવા ગણપત યુનિવર્સિટી, ખેરવામાંથી સેવામુક્ત થયો.

શિક્ષણના આદાન અને પ્રદાનની આ યાત્રામાં એવા અનુભવો મળ્યા, જેનાથી મારું ઘડતર થયું. સ્કૂલ મેનેજમેન્ટના મૂળભૂત ફંડા મને આ અનુભવોએ શીખવ્યા તો પુસ્તક લેખન અને પ્રકાશનનાં બધા સોપાનો પણ મને અહીં જ હસ્તગત થયાં. શિક્ષણના બધાં પાસાંઓનો અનુભવ થયો, તો ક્યાંક શિક્ષણ પ્રક્રિયાની ખામી પણ જણાઈ, જેના નિવારણ પર ચિંતન કરવાની પ્રેરણા મળી.

પણ, મારી વ્યક્તિગત ઓળખ ઊભી કરનાર પરિબળ તો આ યાત્રામાં મને ન જ લાધ્યું.

હું ઘણીવાર આત્મનિરીક્ષણ કરું છું. વિચારું છું કે ધોરણ-૧૨ (સાયન્સ) બે ટ્રાયલથી ઉત્તીર્ણ કરનાર હું પ્રજ્ઞેશ પટેલ જીવનના આ મુકામ સુધી કેવી રીતે પહોંચ્યો. મારા અતીતને ફંફોસું છું, ક્યાં છે, કઈ છે એ સીડી જેના સહારે હું સફળતાનાં સોપાન ચઢી અહીં સુધી પહોંચ્યો ? કદાચ, દરરોજ સાંજે જમ્યા પછી ૭:૩૦ વાગ્યે હીંચકા પર બેસી મમ્મી-પપ્પા સમગ્ર પરિવાર (હું, રાકેશ, બે બહેનો - શિલ્પા અને પ્રજ્ઞા)ની સાથે દિનચર્યાની વાતો કરતાં. સંસ્કાર પોષક એ વાતો જ મારા જીવનઘડતરની સીડી બની.


શ્રી અમૃતભાઈ પટેલ અને સુશ્રી જ્યોત્સ્નાબેન પટેલ

આજે પણ મારા કાનમાં પપ્પાની એ સૂક્તિઓ ગૂંજે છે : 'મનમાં પવિત્રતા હોય, તો મંદિરમાં દર્શન કરવા જવાની કોઈ જરૂર નથી', 'તમે તમારા કાર્યોથી જ ઓળખાઓ છો', 'સખત મહેનતનો કોઈ વિકલ્પ નથી', 'હાર-જીત જીવનનો એક ભાગ છે', 'અર્જુનની જેમ એક જ લક્ષ્ય રાખો', 'પ્રામાણિક માણસનું કુદરત હંમેશા રક્ષણ કરે છે, લાંબા ગાળે તેને જ ફાયદો થાય છે.' આ અને આવાં તો કેટલાંય શીખ-વચનોએ મારા જીવનને ઘડ્યું છે.

મમ્મીની નિખાલસતા અને નિર્દોષતા તથા વ્યક્તિ કોઈપણ હોય, તેની અપેક્ષા ન હોય, તો પણ તેને સામેથી મદદ કરવાની ભાવનાએ મને હંમેશાં પ્રેરણા આપી છે.

આજે બાળઉછેર અને બાળકની આસપાસના પર્યાવરણની જે વાતો કરું છું, તેનું મૂળ મારા ઉછેરમાં પડેલું છે.

આ પળે તેઓને અને ઈશ્વરને આ કાર્ય અર્પણ કરવા ચાહું છું.

**કાશ, મન સંવેદનાની ના ક્યારી,**
**વાટ નિર્જન, દોસ્ત ના હો, હો ન ચારી !**
**શુક્રિયાના શબ્દ બે, પણ હોય ભારે;**
**મેરુ પર્વત મસ્તકે, શી ગત અમારી ?**

૨૦૧૦ થી ૨૦૧૭ ની આ મહાયાત્રામાં કંઈ કેટલાય મિત્રો, સ્નેહી-સંગી, સહયોગી મળ્યા, જેઓએ આ સફળ કેડી કંડારવામાં સહયોગ આપ્યો. અર્થની શી વિસાત કે તેઓના આ યોગદાનને સમતોલી શકે ? અને કસક એ વાતની છે કે તેઓના સાથને તોલવાનું બીજું વાનું પણ મને ક્યાં મળ્યું છે. સાત વર્ષને અંતે સંવેદનાઓ અનાવૃત્ત થઈ તેઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા તત્પર છે :

સૌથી પહેલાં આભાર ઈશ્વરનો માનવો રહ્યો કારણ કે વિનોદભાઈ જેવો વ્યવસાયબંધુ ઈશ્વરકૃપા સિવાય મળવો દોહ્યલો છે. આ મહાપ્રકલ્પ (પ્રોજેક્ટ) માં મારા હિસ્સામાં મહેનત અને સમય સિવાય ગુમાવવાના નામે કંઈ નહીં, જ્યારે વિનોદભાઈની આર્થિક જવાબદારી, પણ સંપૂર્ણ નિર્ભયતા અને સંપૂર્ણ વિશ્વાસનો પર્યાય એટલે વિનોદ. 'સારી સંસ્થા' બનાવવા કટિબધ્ધ અને કોઈપણ બાબતમાં કોઈ કસર કે બાંધછોડ ન જ ખપે.

દિવસભર કાર્યને સમર્પિત થઈ જવામાં મને સૌથી વધુ સહકાર મારી સહધર્મચારિણી સુશ્રી નેહા તરફથી મળ્યો. પુત્ર ઋતુલના ઉછેરની બુનિયાદી જવાબદારીમાંથી મને મુક્ત કરી સ્કૂલના સર્વ બાળકોને પોતીકાં કરવાની અનુમતિ જ ન આપી, પ્રેરણા અને પ્રોત્સાહન પણ અર્પ્યાં.

સ્કૂલના શિલારોપણ-વિધિની સાથે જ બે વ્યક્તિનું આગમન આજે પણ સ્મૃતિપટ પર અંકિત છે. ઇંગ્લીશ મીડિયમનાં પ્રિન્સિપાલ સુશ્રી લલિતા અબ્રાહમ અને ગુજરાતી મીડિયમના વાઇસ પ્રિન્સિપાલ શ્રી જગદીશ સુથાર સ્કૂલની પ્રગતિનાં તમામ સાત વર્ષોના સાક્ષી જ નથી, સાતેય વર્ષોની તમામ ક્ષણોનો હિસ્સો બન્યાં છે. એકેડેમિક ક્ષેત્રે ગાંધીનગર શહેર, જિલ્લા અને રાજ્ય સ્તરે સ્કૂલને આગવું સ્થાન અપાવવામાં તેઓનો સિંહફાળો છે, તો સહાભ્યાસિક અને સભ્યાસેતર પ્રવૃત્તિઓ દ્વારા સ્કૂલની નવી ઓળખ ઊભી કરવાના કાર્યમાં પણ તેઓનું યોગદાન ઓછું નથી.

સ્કૂલે એક અપૂર્વ નિર્ણય લીધો અને ૨૦૧૪ના એપ્રિલમાં 'કોર ટીમ' નું ગઠન થયું. સ્કૂલના એકેડેમિક વિભાગને બળ આપવા માટે કોરટીમ અંતર્ગત ત્રણ વિભાગો રચાયા : (૧) રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R & D) (૨) માનવ સંસાધન (HR) અને (3) ઈન્ફર્મેશન ટેક્નોલોજી (IT). આ ત્રણેના વહન સંદર્ભે અનુક્રમે સુશ્રી પૂનમ મોઢા, સુશ્રી વિનિતા જૈન તથા સુશ્રી ઝીલ પટેલ સ્કૂલ ઓફ અચિવરનાં હિસ્સો બન્યાં. તેઓ માત્ર કર્મચારી ન રહેતાં 'અચિવર' બની રહ્યાં છે. સમયના બંધનને અતિક્રમી, પોતાની જાત કરતાં સ્કૂલને પ્રથમ મૂકી લાગણીના તંતુથી સ્કૂલ સાથે બધ્ધ છે.

મે ૨૦૧૪માં જ એક નવા પાત્રનું પરિસરમાં પદાર્પણ થયું. શ્રી અશોક વ્યાસ ગુજરાતી મીડિયમના પ્રિન્સિપાલ તરીકે જોડાયા. પ્રથમ દિવસથી જ સ્કૂલ-સમય દરમ્યાન પ્રિન્સિપાલ અને ત્યાર પછી કોર-ટીમ-મેમ્બર, એમ બેવડી જવાબદારીઓનું વહન કરી રહ્યા છે.

કોરટીમ-મેમ્બર અને મેઈન્ટેનન્સ હેડ શ્રી નિલેશભાઈ પટેલનું નામ સ્કૂલને સમર્પિત વ્યક્તિઓની સૂચિમાં મૂકવું પડે. અહોનિશ, અથાગ દોડધામ કરતા માણસને જુઓ એટલે વિનાસંકોચે શ્રી નિલેશભાઈનું નામ લઈ શકાય.

હું ઘણીવાર કહું છું કે પ્રકૃતિની મારા પર કૃપા છે. જ્યારે હું સ્કૂલ ઓફ અચિવરના માનવધન પર નજર નાખું છું તો ધન્યતા અનુભવું છું અને મારી જાતને દુનિયાની સૌથી અમીર વ્યક્તિ તરીકે લેખું છું. સમગ્ર સ્ટાફ કામને કામ તરીકે નહીં, ઉલ્લાસના પર્યાયરૂપ ગણે છે. દરેક સંસ્થાને સ્ટાફ હોય જ. સ્ટાફ હોવો અને સમર્પિત તથા પ્રતિબધ્ધ સ્ટાફ હોવો એ બે ભિન્ન છે. હું સ્વીકારું છું કે મારા સ્ટાફ પાસે કામ વધુ હોય છે. કામ વધુ હોવા છતાં તે થાકતા નથી કારણ કે સ્કૂલ પ્રત્યે તેઓનું મમત્વ છે.

અમારી આ યાત્રા દરમિયાન અમારા સહયાત્રી બનેલા પૂર્વકર્મચારીઓનું યોગદાન આજેય અમને હૂંફ આપે છે.

એકસાથે એક જ સ્થળે આટલા ઉમદા વ્યક્તિઓનું મળવું એ પ્રકૃતિની નિ:સીમ કૃપાનું પરિણામ છે. આ સર્વ પરિજનોનો આભાર માની તેઓના મમત્વને અવગણવાનો મને શો અધિકાર ? હું તો તેઓને એકસાથે એક જ સ્થળે મને મેળવી આપવા બદલ કુદરત પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરું છું અને તેઓનું મમત્વ મેળવવા મને વધુ યોગ્ય બનાવવા યાચના કરતાં વિરમું છું.

- પ્રજ્ઞેશ પટેલ



આ એ ટીમ છે, જે સમગ્ર અચિવર-સાહિત્યનું નિર્માણ કરે છે (પ્રજ્ઞેશસર, અશોકસર, પૂનમ મેડમ, ઐયુબભાઈ, અલ્પેશભાઈ)

સંસ્થા અને સાહિત્ય અભિન્ન રીતે જોડાયેલા હોય છે. જાગૃત અને પ્રશિષ્ટ સંસ્થા મૌલિક સાહિત્યનું નિર્માણ કરે છે. સ્કૂલ ઓફ અચિવર પણ તેના સાહિત્યનું નિર્માણ કરી વિદ્યાર્થીઓ શિક્ષકો, વાલીઓ અને સમાજ સુધી સવિવેક પોતાનો અવાજ પહોંચાડે છે. છેલ્લા ત્રણ વર્ષથી પ્રતિવર્ષ એક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે : Achiever's Reflection-2015 (Jan 2016), Parents' Guide (Jan 2017), Achiever's Reflection-2017 (Mar 2018).

સાહિત્ય પ્રકાશનનું પ્રિન્ટીંગ સિવાયનું સમગ્ર કાર્ય ચિંતન, ડ્રાફ્ટિંગ, ડિઝાઈનિંગ, વગેરે અચિવર-ટીમ દ્વારા જ થાય છે.



## Be in touch with us

SCHOOL OF ACHIEVER Kudasan - Gandhinagar
Website
www.schoolofachiever.org

www.facebook.com/schoolofachiever

YouTube www.youtube.com/c/schoolofachieverorgkudasan

Google+ http://plus.google.com/+schoolofachieverorgkudasan

## Connect with Us

- info@schoolofachiever.org
- www.schoolofachiever.org/contact-us

7046099751/55, 9228008865/70
( 8:00 am to 1:00 pm )

SCHOOL OF ACHIEVER
Gandhinagar - Koba Highway, Kudasan, Gandhinagar - 382421

www.schoolofachiever.org/locate-us

## Share your Feedback & Suggestions

**Postal Address**
SCHOOL OF ACHIEVER
Gandhinagar - Koba Highway, Kudasan, Gandhinagar - 382421

**Online Link**
www.schoolofachiever.org/reflection2017

**Email Address**
info@schoolofachiever.org

View online or download this book from
www.schoolofachiever.org/reflection2017

81540 66320
Only for Text Message & WhatsApp



KG to Std XII

English & Gujarati Medium

Affilated to G.S.E.B.

SCHOOL OF
ACHIEVER
Kudasan - Gandhinagar

Gandhinagar-Koba Highway, Kudasan,
Dist. Gandhinagar, Gujarat - 382421.
Phone : 92280 08865 / 70, 7046099751 / 55
Email : info@schoolofachiever.org
Website : www. schoolofachiever.org